# પાલનપુર સજ્જડ બંધ : ૪૦ કાર્યકરો નજર કેદ

## બસ સ્ટેન્ડ, થિયેટરો આગળ ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો : શહેરની શાળાઓમાંથી બાળકોને રજા આપવામાં આવી





પાલનપુર, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં પદ્માવત ફિલ્મને લઇ આપવામાં આવેલા ભારત બંધના એલાનને જબરજસ્ત પ્રતિસાદ સાંપડયો હતો. જ્યાં સવારે મહાકાલસેના, કરણી સેના, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ, બ્રહ્મસેના સહિતના સંગઠનોના કાર્યકરોએ બજાર બંધ કરાવી હતી. જોકે, પોલીસે તેમને ડિટેઈન કર્યા હતા. દરમિયાન પાલનપુર બસસ્ટેન્ડ તેમજ થિયેટરો આગળ ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. જ્યાં દિવસ દરમિયાન કોઇ અનિચ્છનિય બનાવ ન બનતાં તંત્રના અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

પદ્માવત ફિલ્મના વિરોધમાં ગુરૂવારે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતુ. જેને બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં જબરજસ્ત પ્રતિસાદ સાંપડતાં શહેર સજ્જડ બંધ રહેવા પામ્યું હતુ. જ્યાં સવારે મહાકાલસેના, કરણી સેના, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ, બ્રહ્મસેના સહિતના સંગઠનોના કાર્યકરો ગુરૂનાનક ચોક વિસ્તારમાં એકઠા થયા હતા. અને સુત્રોચ્ચાર સાથે સીટીલાઈટ રોડ, ગઠામણ દરવાજા રોડ, સિમલાગેટ, દિલ્હીગેટ, રેલવે સ્ટેશન માર્ગ, બસ સ્ટેન્ડ માર્ગ ઉપર ફરી દુકાનો બંધ કરાવી હતી. ત્યાંથી ટોળુ બસ સ્ટેન્ડ પહોચ્યું હતુ. જોકે, પોલીસ દ્વારા બસ સ્ટેન્ડના મુખ્ય દરવાજા આગળ જ પોલીસના વાહનો મુકી રસ્તો કોર્ડન કરી દેવાયો હતો. જ્યાં ટોળુ કોઇ અનિચ્છનિય પગલા ભરે તે પહેલા પોલીસે ૨૫ જેટલા કાર્યકરોને ડિટેઈન કરી લીધા હતા. અને પોલીસ મથકે લઇ જવાયા હતા. દિવસભર કાર્યકરોને ડિટેઈન કરવાનો દોર ચાલુ રહ્યો હતો. જેમાં ૪૦થી વધુને નજરકેદ રખાયા બાદ સાંજે મુક્ત કરવામાં આવ્યા હતા. બીજી તરફ હાઈવે સ્થિત સુર મંદિર થિયેટર આગળ એસ. આર. પી. અને પીએસઆઈ કક્ષાના પોલીસ અધિકારીઓ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

# સાબરકાંઠા જિલ્લો સજ્જડ બંધ



હિંમતનગર, તા. ૨૫

હિંમતનગર સહીત સાબરકાંઠા જીલ્લામાં આજે સજ્જડ બંધ રહ્યું હતું. શહેરમાં આજુઅબાજુની ગામડાની પબ્લિકની અવરજવર પર અસર પડી હતી. પદમાવત ફિલ્માં સુપ્રીમ કોર્ટે રીલીઝ કરવાનો આદેશ કર્યો છે તો બીજી તરફ કરણીસેના સહીત વિવિધ સંઘઠનો તેની સામે બંધનું એલાન આપ્યું છે. આજે હિંમતનગર સહીત સાબરકાંઠા જીલ્લામાં સજ્જડ દુકાનો બંધ રહી હતી અને સમર્થન કર્યું હતું તો બીજી તરફ હિમતનગર એસટી ડેપોની મહેસાણા માર્ગની બંધ કરાઈ હતી તે સિવાય બાકીના મોડાસા, અમદાવાદ અને ઇડર માર્ગની બસ સેવા ચાલુ રહી હતી. હિમતનગર શહેરમાં બંધને લઈને અવરજવર ઓછી જણાઈ હતી. શૈક્ષણિક સંસ્થા ચાલુ રહી હતી, પરંતુ હાજરી ઓછી રહી હતી. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેને લઈને પોલીસ પેટ્રોલીગ સઘન બનાવ્યું હતું અને પોલીસ પોઈન્ટ રાખી સુરક્ષા વધારવામાં આવી હતી. આજે શહેરના રિલાયન્સ મોલ પર એક ટોળું ધસી આવ્યું હતું જે અંગે પોલીસને જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ઉપરાંત જીલ્લાના હિમતનગર, પ્રાંતિજ, તલોદ, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીનામાં પણ સજ્જડ બંધ રહ્યું હતું.

# વાવ-થરાદમાં સંપૂર્ણ બંધ

થરાદ, તા. ૨૫

સંપૂર્ણ ભારતમાં આજે કરણી સેના દારા બંધ રાખતા સંપૂર્ણ થરાદ, વાવ બંધ રહ્યું. થરાદ-વાવમાં બજારોમાં સંપૂર્ણ સજ્જડ બંધ જોવા મળ્યું હતું. જયારે હાઈવેની કેટલીક દુકાનો ચાલુ હતી. જેની કરણી

આજે વાવ, થરાદ ભારત બંધના એલાનના પગલે વાવ અને થરાદમા પણ પદમાવત ફિલ્મના વિરોધમા કરણીસેના અને મહાકાલ સેના દ્વારા વહેપારી એશોસીએશન અને વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા વાવ અને થરાદ બંધ રાખવાનો નિર્ણય લેવામાં




સેના, બજરંગ દળ, જિજ, મહાકાળ સેના, ગોપાલ સેના, હિન્દુ સંગઠનના કાર્યકર્તાઓએ દુકાનો બંધ કરવી હતી.

થરાદ-વાવની સંપૂર્ણ બજારો બંધ જોવા મળી હતી. વિવિધ સંગઠનો દારા બંધ કરાવવામાં આવી હતી. બજારો બંધ જોવા મળ્યા હતા. બંધને ધ્યાનમાં રાખી સરકારીતંત્ર દ્વારા બસ સેવા બંધ રાખવામાં આવી હતી. જેના કારણે લોકોને ભારે પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે.

આવતા લોકો એ પોતાના ધંધા રોજગાર બંધ રાખીને ભારતબંધના એલાનને સહકાર આપવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા કોઈ પણ અઘટિત ઘટના ન બને તેના માટે ચુસ્ત બંદોબસત ગોઠવવામાં આવ્યો છે.

આજે ભારત બંધના એલાનને લઈ થરાદ ડેપોની બસો પણ બંધ રહી હતી. તેથી મુસાફરોને મુસાફરી કરવામાં પણ તકલીફ પડતી જોવા મળી રહી છે. મુસાફરો પોતાના જીવના જોખમે પ્રાઈવેટ વાહનોનો સહારો લેતા નજર પડી રહ્યા છે.



### પદ્માવત ફિલ્મના વિરોધમાં ધાનેરા સજ્જડ બંધ

ધાનેરા માં પદ્માવત ફિલ્મ નો વિરોધ જોવા મળી રહ્યો છે વહેલી સવાર થીજ વહેપારીઓએ સજ્જડ બંધ પાળી વિરોધ નોંધાવ્યો છે તો બીજી કોઈ અણબનાવ ન બને તે માટે ધાનેરા ચુસ્ત પોલીસ બંધોબસ્ત પણ ગોઠવાયો છે. પદ્માવત ફિલ્મ નો ગુજરાત સહીત અન્ય રાજ્ય માં પણ ભારે વિરોધ થઈ રહ્યો છે અને ઠેર ઠેર રસ્તા રોકી વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે આજે પદ્માવત ફિલ્મ રિલીઝ ને લઈ સમગ્ર ગુજરાત બંધ નું એલાન છે ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં પણ વેપારીઓ ધ્વરા સજ્જડ બંધ પાળી વિરોધ દર્શાવ્યો છે તો બીજી તરફ કોઈ અણબનાવ ન બને તે માટે ધાનેરા માં ચુસ્ત પોલીસ બંધોબનસ્થ પણ જોવા મળી રહ્યો છે.

# અરવલ્લી જિલ્લાના બજારો સ્વયંભૂ બંધ

## બંધ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બનતા જિલ્લા પોલીસતંત્રએ રાહતનો શ્વાસ લીધો





અરવલ્લી, તા. ૨૫

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં સંજય લીલા ભણસાલી દિર્ગદર્શિત ફિલ્મ પદ્માવત ફિલ્મ લઈને બંને જિલ્લાના રાજપૂત સમાજ, કરણીસેના, મહાકાલ સેના સહીત હિન્દુ સંગઠનોએ અનેકવાર ફિલ્મના વિરોધમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવાની સાથે રોડ ચક્કાજામ કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૨૫ જાન્યુઆરીએ પદ્માવત ફિલ્મ રિલીઝ કરવાની મંજૂરી આપતા ગુરુવારે દેશમાં થઈ રહેલી પદ્માવત ફિલ્મનો વિરોધ અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં બજારો, માર્કેટયાર્ડ સ્વયંભૂ બંધ પાળવામાં આવ્યો હતો બંને જિલ્લામાં પોલીસતંત્ર દ્વારા મોટો કાફલો ખડકી દેવાની સાથે જિલ્લાના મુખ્યમાર્ગો અને શહેરી વિસ્તારો અને સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ અને ચાંપતો બંદોબસ્ત ગોઠવાયો હતો. બંને જિલ્લામાં બંધ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બનતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત બાયડ, ધનસુરા, ભિલોડા, મેઘરજ, માલપુર તાલુકા મથકો અને સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સહીત પ્રાંતિજ, તલોદ, ખેડબ્રહ્મા, વિજયનગર, વડાલી તાલુકા મથકોમાં ગુરુવારે સવારથીજ તમામ મુખ્યબજારો બજારો સ્વયંભૂ બંધમાં જોડાતા બંને જિલ્લામાં કર્ફ્યુ જેવો માહોલ જોવા મળ્યો હતો. શહેરી વિસ્તારોમાં આવેલી શાળા, કોલેજોમાં વિદ્યાર્થીઓની પાંખી હાજરીથી શૈક્ષણિક કાર્ય પણ બંધ રહ્યુ હતું. બંને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્વયંભૂ બંધની અસર નહિવત પ્રમાણમાં જોવા મળી હતી અને જનજીવન રાબેતા મુજબ રહ્યું હતું. અરવલ્લી જિલ્લાના ત્રણ માર્કેટયાર્ડ પણ સ્વયંભૂ બંધમાં જોડાયા હતા.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ગુરુવારે સવારના સુમારે વેપારીઓ અને ધંધાર્થીઓ તેમના ધંધા રોજગારના સ્થળે ટોળે-ટોળામાં એકઠા મળી સ્વયંભૂ બંધની અને પદ્માવત ફિલ્મને લઈને સમીક્ષા કરતા નજરે પડતા હતા. પોલીસતંત્ર દ્વારા મોડાસા શહેરમાં સઘન બંદોબસ્ત ગોઠવી દીધો હતો અને શહેરના માર્ગો પર સતત પેટ્રોલિંગ કર્યું હતું. બપોર બાદ શહેરના કોલેજ રોડ પર આવેલી કેટલીક દુકાનો રાબેતા મુજબ ખુલી હતી.

### અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની સરકારી કચેરીઓ અને બેંકોમાં રજાનો માહોલ

અરવલ્લી-સાબરકાંઠામાં ગુરુવારે પદ્માવત ફિલ્મની રિલીઝના વિરોધમાં સ્વયંભૂ બંધમાં બંને જિલ્લાના પ્રજાજનો અને ધંધાર્થીઓ જોડાતા બંને જિલ્લાની સરકારી કચેરીઓમાં કાગડા ઉડતા હતા. બેંકોમાં પણ મોટાભાગના ગ્રાહકો લેવડ-દેવડથી દૂર રહ્યા હતા. કેટલીક બેંકોમાં બંધમાં કોઈ અનિચ્છનીય ઘટનાનો ભોગ ના બનવું પડે તે માટે અગમચેતીના ભાગરૂપે મુખ્યપ્રવેશદ્વાર જ ખુલ્લા રખાયા હતા અને એટીએમના શટર પણ પાડી દેવામાં આવ્યા હતા.

# પ્રાંતિજમાં સ્વયંભૂ બંધ પળાયો

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પદ્માવત ફિલ્મના વિરોધને લઈને બંધનું એલાનને લઈને પ્રાંતિજમાં કરણીસેના અન્ય સમાજોમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતાં અને જેને લઈને ફિલ્મનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ૨૫ મીએ ફિલ્મ રીલીઝને



વેપારીઓ દ્વારા સ્વયંભૂ બંધ પાડવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં સંજયલીલા ભણસાલી નિર્મિત પદ્માવત ફિલ્મનો કેટલાક વિવાદી દ્રશ્યો અને સંવાદને કારણે ક્ષત્રિય સમાજ

લઈને કરણીસેના તથા ક્ષત્રિય



સેના દ્વારા બંધનુ એલાન આપવામાં આવ્યું હતું.

જેમાં પ્રાંતિજ ખાતે વેપારીઓ દ્વારા સવારથી જ સ્વયંભૂ બંધ પાડી સર્મથક આપ્યું હતું અને વાહન વ્યવહાર સહિત બજારમાં ટ્રાફિક નહિવત જોવા મલ્યો હતો. તો પ્રાંતિજ પીઆઇ એ.આર. ચાવડા, પીએસઆઇ પરમાર દ્વારા પ્રાંતિજ સહિત તાલુકામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ સકલ સિનેમા માલિક દુષ્યતભાઈ દ્વારા અગાઉ પણ કહેલું કે અમે અમારી સિનીમા ગૃહમા પદ્માવત ફિલ્મ બતાવીશું નહીં અને જયારે ૨૫ મીએ ફિલ્મ રીલીઝ થવાની છે ત્યારે પણ સકલ સિનિમા મેનેજમેન્ટ દ્વારા આજે પણ કરણી સેના તથા ક્ષત્રિય સમાજ દ્વારા આપેલ બંધના એલાનમાં જોડાઈને બંધ પાળી ફિલ્મ નહી બતાવવાની ખાતરી સાથે બોર્ડ મારવામાં આવ્યું હતું કે અમો રાજપૂત સમાજની લાગણીને માન આપીને અમે પદ્માવત ફિલ્મ નથી ચલાવવાના ત્યારે પ્રાંતિજ સહિત તાલુકા મા સજ્જડ સ્વયંભૂ બંધ રહ્યું હતું.



# મોડાસામાં ત્રિરંગા વેચતા ફેરિયાઓમાં બંધના પગલે ભારે નિરાશા

મોડાસા શહેર સહીત જિલ્લાવાસીઓમાં જોવા મળતી દેશભક્તિ અને દેશપ્રેમ દર્શાવવા માટે તેમના રહેઠાણના સ્થળે અને ધંધા-રોજગારના સ્થળે સહીત વાહનો પર રાષ્ટ્રધ્વજ ત્રિરંગો લહેરાવી રાષ્ટ્રીય તહેવારની ઉજવણી કરતા હોય છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા પર ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે ત્રિરંગા વેંચતા ફેરિયાઓમાં ગુરુવારે પદ્માવત ફિલ્મના રિલીઝના મુદ્દે સ્વયંભૂ બંધના પગલે ઘરાકી ન મળતા હાલત દયનિય બની હતી.

# મહેસાણા સહિત તાલુકામાં સજ્જડ બંધ

મહેસાણા જિલ્લામાં આજે પદ્માવત ફિલ્મને લઈને મહેસાણા જિલ્લામાં સજળ બંધની અસર જોવા મળી હતી. જેમાં રાજપૂત સમાજના ટોળાએ બજાર બંધ કરવાની તજીવીજ કરતાં મામલો તંગ બન્યો હતો જેથી મહેસાણા પોલીસે બે ટીયર ગેસના સેલ છોડયા હતા જ્યારે હાલમાં ચાપયો પોલીસ બંદોબસ્ત સિવાય રેપીડક્કસ ફોર્સ ઘટના સ્થળ પર ઉતારીને મામલો થાડે કર્યો હતો જ્યારે જિલ્લામાં બીજો કોઈ બનાવ ગયો ન હતો જ્યારે આ સમગ્ર મામલે જિલ્લામાં બંધની અસર વર્તાઈ હતી.

મહેસાણા જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં આજે બંધની અસર વર્તાઈ હતી. પદ્મમાવત ફિલ્મને લઈને બંધનો મામલો આજે મહેસાણા જિલ્લામાં ચર્ચામાં રહ્યો હતો જ્યારે મહેસાણા બાર એસોશિયેશન દ્વારા ૨૫ જાન્યુઆરીએ તમામ કેસમાં યથાવત સ્ટેજ રાખવાની કોર્ટે વિનંતી કરતો ઠરાવ પણ કરાયો હતો. જેમાં વાહન વ્યવહાર બંધ હોય તેવા સંજોગોમાં પક્ષકાર કોર્ટમાં હાજર રહી નહિ શકે તેમ હોવાનો ઠરાવમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. મહેસાણા બાર એસોશિયેશન દ્વારા આ ઠરાવ કરી સંબધિત કોર્ટને મોકલી અપાયો હતો અને કોર્ટમાં આ સમગ્ર મામલે બને પક્ષે કોઈ હજાર રહ્યો ન હોવાથી આજે રજાનો માહોલ જણાયો હતો. જ્યારે મહેસાણા એસ.ટી. વિભાગ દ્વારા આજે અને આવતીકાલે ૧૧ ડેપોમાં મોટા ભાગની ટ્રીપ કેન્સલ કરાય તેવી શકયતા વ્યક્ત કરી હતી.